### નડિયાદમાં ખેલૈયાઓના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા ખાણીપીણીના સ્ટોલ સામે કાર્યવાહી

# નડિયાદ મહાનગરપાલિકાએ ૩૦થી વધુ વેપારીને ગંદકી બદલ દંડ ફટકાર્યો

**સંતરામ મંદિરથી** પારસ સર્કલ અને ઝલક ચોકીથી પીપલગ સુધી સેનેટરી વિભાગનું રાત્રિ સરપ્રાઈઝ ચેકિંગ



(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

નવરાત્રીના તહેવાર દરમિયાન મોડી રાત સુધી ગરબે ઘૂમતા ખેલૈયાઓના આરોગ્યની ચિંતા કરીને નડિયાદ મહાનગરપાલિકાના વહીવટી તંત્રે લાલ આંખ કરી છે. મનપાના સેનેટરી વિભાગ દ્વારા રાત્રિના સમયે શહેરના વિવિધ માર્ગો પર ધમધમતી ખાણીપીણીની લારીઓ પર સઘન ઓચિંતું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન સ્વચ્છતાના અભાવ અને ગંદકી ફેલાવવા બદલ ૩૦થી વધુ વેપારીઓ સામે દંડાત્મક પગલાં ભરવામાં આવ્યાં હતાં.

નડિયાદ શહેરમાં નવરાત્રી દરમિયાન મોડી રાત સુધી લોકો ગરબા રમ્યા બાદ નાસ્તો કરવા ઉમટી પડતા હોય છે, ત્યારે લોકોના સ્વાસ્થ્ય સાથે કોઈ ચેડાં ન થાય તે માટે સેનેટરી વિભાગની ટીમે સંતરામ મંદિર રોડથી પારસ સર્કલ અને ઝલક ચોકીથી પીપલગ સુધીના સમગ્ર પટ્ટા પર ઝુંબેશ ચલાવી હતી. આ વિસ્તારમાં આવેલી ચાની હોટલો, પાન-મસાલાના ગલ્લાઓ અને નાસ્તાની લારીઓ પર ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ તપાસ દરમિયાન ખાસ કરીને ચાઈનીઝ, પાવભાજી અને દાલપુરી વેચતા લારીધારકો દ્વારા જાહેર રોડ પર જ ગંદકી અને એઠવાડ નાખવામાં આવતો હોવાનું માલૂમ પડ્યું હતું. જેથી અધિકારીઓએ રોડ પર કચરો ન નાખવા માટે વેપારીઓને કડક તાકીદ કરી હતી.

#### સડેલા બટાકા ઉપયોગ બદલ લારી બંધ

સેનેટરી વિભાગની તપાસ દરમિયાન એક પાણીપુરીની લારી પર અત્યંત ચોંકાવનારા દ્રશ્યો જોવા મળ્યા હતા. લોકોના આરોગ્ય સાથે રમત રમતા આ વેપારી દ્વારા પાણીપુરીમાં સડેલા બટાકા અને અત્યંત ખરાબ પાણીનો ઉપયોગ કરવામાં આવતો હતો. અધિકારીઓએ સ્થળ પર જ સડેલા બટાકાનો જથ્થો કચરાપેટીમાં ફેંકાવી દીધો હતો અને જાહેર આરોગ્યના હિતમાં આ પાણીપુરીની લારીને તાત્કાલિક અસરથી બંધ કરવાનો આદેશ આપ્યો હતો.

### કપડવંજના જડાવબા શિશુ કેન્દ્રમાં નવરાત્રીની અનોખી ઉજવણી



કપડવંજ કેળવણી મંડળ સંચાલિત જડાવબા શિશુ કેન્દ્ર ખાતે બાળકો ભારતીય સંસ્કૃતિ અને તહેવારોના મહત્વથી પરિચિત થાય તે અર્થે નવરાત્રી મહોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે માતાજીના નવ સ્વરૂપો તેમજ અસત્ય પર સત્યના વિજયનો સંદેશ આપતી એક સુંદર નાટિકા રજૂ કરવામાં આવી હતી. પરંપરાગત પોશાકમાં સજ્જ બાળકોને લહાણી આપવામાં આવી હતી અને તેમણે તાલબદ્ધ સંગીત સાથે રંગબેરંગી દાંડિયાથી ઉત્સાહપૂર્વક ગરબા રમ્યા હતા. આ સાંસ્કૃતિક ઉજવણી બાળકોમાં સંસ્કાર અને ગૌરવની ભાવના વિકસાવતા આનંદ, જ્ઞાન અને સંસ્કારનો સુંદર સંગમ બની રહી હતી. - **તસવીર : હરિશ જોષી**

### સોજીત્રામાં રખડતાં પશુથી અકસ્માત સર્જાયો

# ગાય આડે આવતા એક્ટિવા સ્લીપ થતાં આધેડ ઘવાયાં

(પ્રતિનિધિ) સોજીત્રા તા.૧૭

સોજીત્રામાં રખડતાં પશુઓ વાહનચાલકો માટે જોખમી બની રહ્યા છે. સોજીત્રાની મોટી ચોકડી સર્કલ પાસે રોડ ઉપર અચાનક ગાય આવી જતાં એક એક્ટિવા ચાલકે સંતુલન ગુમાવ્યું હતું, જેથી વાહન સ્લીપ થઈ જતાં પિતા-પુત્ર રોડ પર પટકાયા હતા. આ અકસ્માતમાં ૫૫ વર્ષીય પિતાને જમણા પગના ઘૂંટણના ભાગે ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે નડિયાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સોજીત્રા ખાતે રહેતાં ૫૫ વર્ષીય કાંતિભાઈ ફુલાભાઈ પરમાર ગત ૧૫મી તારીખના રોજ સાંજના સુમારે પોતાના પુત્ર રાજેશના એક્ટિવા પર બેસીને જઈ રહ્યાં હતાં. આ દરમિયાન તેમનું એક્ટિવા સોજીત્રાની મોટી ચોકડી સર્કલ પાસેથી પસાર થઈ રહ્યું હતું ત્યારે અચાનક જ રોડ વચ્ચે ગાય આવી ગઈ હતી. આમ, અચાનક આડે આવેલી ગાયને કારણે વાહનચાલકે કાબૂ ગુમાવતા એક્ટિવા સ્લીપ થઈ ગયું હતું.

એક્ટિવા સ્લીપ થઈ જતાં પિતા-પુત્ર બંને રોડ પર પટકાયા હતા, જેમાં કાંતિભાઈને જમણા પગના ઘૂંટણના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટના બાદ તાત્કાલિક તેમને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે નડિયાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ બનાવ અંગે સોજીત્રા પોલીસ મથકે જાણવાજોગ નોંધ કરીને તપાસ હાથ ધરી છે.

### વીરપુરમાં તંત્રની બેદરકારી સામે રોષ | એક સપ્તાહથી કામગીરી ઠપ્પ

# વીરપુરમાં ગટરના ગંદા પાણી અને અધૂરા રસ્તાના કામથી લોકો ત્રસ્ત

**પશુ દવાખાનાથી** હાઈસ્કૂલ માર્ગ પર દૂષિત પાણી અને ખોદકામની બેવડી આફતથી સ્થાનિકો પરેશાન



(પ્રતિનિધિ) વીરપુર તા.૧૭

વીરપુર પંથકમાં પશુ દવાખાનાથી દેસાઈ સી.એમ. હાઈસ્કૂલ તરફ જતા મુખ્ય માર્ગ પર ગટરનું દૂષિત પાણી નદીની જેમ વહેતું હોવાના કારણે સ્થાનિકો અને વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. દૂષિત પાણીના નિકાલ માટે તંત્ર દ્વારા રસ્તો ખોદી ભૂંગળાં નાખવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી, પરંતુ અડધો રસ્તો ખોદ્યા બાદ એક સપ્તાહથી વધુ સમયથી કામ અધવચ્ચે અટકાવી દેવાતાં લોકોની મુશ્કેલીમાં બેવડો વધારો થયો છે.

વીરપુર નગરમાં ગટરના પાણીથી પહેલેથી જ પરેશાન લોકો માટે હવે ખોદાયેલો રસ્તો નવી મુસીબત બની ગયો છે. રસ્તા પર ખોદકામ કર્યા બાદ સિમેન્ટનાં ભૂંગળાં અને અન્ય સામગ્રી રસ્તા પર જ પડી રહી હોવાથી રાહદારીઓ તથા વાહનચાલકો માટે રોજિંદી અવરજવર અત્યંત મુશ્કેલ બની છે. એક સપ્તાહથી વધુ સમય વીતી ગયો હોવા છતાં સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો નથી. એક તરફ રસ્તા પર ગંદું પાણી ફરી વળે છે અને બીજી તરફ અધૂરા ખોદકામને કારણે અવરજવરમાં ભારે અડચણો ઊભી થઈ રહી છે. આ ગટરનાં ગંદાં પાણીનો કાયમી નિકાલ ક્યારે થશે અને રસ્તાનું સમારકામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? તે અંગે સ્થાનિકોમાં ગણગણાટ શરૂ થયો છે અને વહેલી તકે કામ પૂર્ણ કરવાની માંગ ઉઠી રહી છે.

# ઠાસરામાં યુવતીના મુદ્દે બે જૂથો વચ્ચે ધિંગાણું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૭

ઠાસરા મામલતદાર કચેરી અને હુસૈની ચોક વિસ્તારમાં ૧૯ વર્ષની યુવતીને ભગાડી જવામાં મદદગારી કરવાનો વહેમ રાખીને બે પરિવારો વચ્ચે ભયંકર સશસ્ત્ર અથડામણ સર્જાઈ હતી. આ હિંસક જૂથ અથડામણમાં લાકડીઓ, પાઈપ અને બેઝબોલના ડંડાનો ઉપયોગ થતાં અનેક લોકો ગંભીર રીતે ઘવાયા હતા.

કઠલાલના રાશીદઅલી સૈયદના ભાણેજ અદનાન પર ગામની દીકરીને ભગાડવામાં મદદ કરવાનો આક્ષેપ હતો. ગત ૧૬મી ઓક્ટોબરે મામલતદાર કચેરી પાસેથી પસાર થતી વખતે અદનાનનું વેગનઆર કારમાં અપહરણ કરી તેને હુસૈની ચોક લઈ જઈ ઢોર માર મરાયો હતો. અદનાનને બચાવવા દોડેલા પરિવારજનો પર પણ ટોળાએ હુમલો કરતા અંજુમનબેનને ફ્રેક્ચર તથા માસુમઅલી સહિતના સભ્યોને લોહીલુહાણ ઈજાઓ પહોંચી હતી.

સામા પક્ષે જકીઅશરફ સૈયદની ફરિયાદ મુજબ, હુસૈની ચોકમાં અદનાન અને તેના પરિવારે લાકડી તથા ગુપ્તી વડે હુમલો કરતા જફરખાન અને તોફીકખાન ઈજાગ્રસ્ત થયા હતા. પોલીસે ૨૨થી વધુ સામે રાયોટિંગનો ગુનો નોંધ્યો અથડામણ બાદ તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે સરકારી દવાખાને ખસેડાયા હતા. ઠાસરા પોલીસે અપહરણ અને રાયોટિંગની કલમો હેઠળ સામસામી ફરિયાદ નોંધી ૨૨થી વધુ લોકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર મામલે પીએસઆઈ તપાસ ચલાવી રહ્યા છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદ જિલ્લામાં ફરતા પશુ દવાખાના દ્વારા વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પ યોજાયા



**આણંદ** | આણંદ જિલ્લામાં GVK EMRI સંચાલિત ૦૭ ફરતા પશુ દવાખાનાઓ દ્વારા વિવિધ ગામોમાં પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમિયાન નિષ્ણાત પશુચિકિત્સકો દ્વારા ૨૩૨ થી વધુ ગાય અને ભેંસોની વંધ્યત્વ તથા પ્રજનન સંબંધિત સમસ્યાઓની ગહન તપાસ કરી નિ:શુલ્ક સારવાર પૂરી પાડવામાં આવી હતી. પશુપાલકોને પશુઓમાં સંતુલિત આહાર, મિનરલ મિક્સચરનું પૂરક પોષણ અને વેતરના લક્ષણો સમયસર ઓળખવાની વૈજ્ઞાનિક પદ્ધતિઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પશુઓના સ્વાસ્થ્ય કે પ્રજનન સંબંધિત સમસ્યા માટે પશુપાલકોને ટોલ ફ્રી નંબર ૧૯૬૨ પર કોલ કરી ઘરઆંગણે પશુચિકિત્સા સેવાનો લાભ લેવા અનુરોધ કરાયો છે.

### કડાણાના ગોલણપુર ખાતે 'વિશ્વ મહિલા કિસાન દિવસ' અને ખેડૂત ગોષ્ઠીનું આયોજન



**સંતરામપુર** | કડાણા તાલુકાના ગોલણપુર ગામે 'આત્મા' પ્રોજેક્ટ મહીસાગર દ્વારા વિશ્વ મહિલા કિસાન દિવસે વિશેષ ખેડૂત ગોષ્ઠી યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં મહિલા ખેડૂતોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ડેરી વિજ્ઞાનના પ્રોફેસર અને નિષ્ણાતો દ્વારા દૂધનું મૂલ્યવર્ધન (વેલ્યુ એડિશન), આદર્શ પશુપાલન વ્યવસ્થાપન તથા પશુ આરોગ્ય અંગે તકનીકી જાણકારી આપવામાં આવી હતી. મહિલા તબીબ દ્વારા વિટામિન-પ્રોટીનયુક્ત આહારનું માર્ગદર્શન અપાયું હતું, જ્યારે કૃષિ અધિકારીઓએ પ્રાકૃતિક ખેતી, મિલેટ્સ અને તેલીબિયાં પાકોની ખેતી વિશે માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમના સમાપન તબક્કે ઉપસ્થિત બહેનો અને ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓનું જીવંત (લાઈવ) પ્રસારણ દર્શાવવામાં આવ્યું હતું.

### કપડવંજની શાળાઓનો ૩૨મા નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસમાં ગૌરવપૂર્ણ દેખાવ




**કપડવંજ** | નડિયાદ ખાતે યોજાયેલ ૩૨મા નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ-૨૦૨૬ની ખેડા જિલ્લા કક્ષાની સ્પર્ધામાં જિલ્લાની વિવિધ શાળાઓમાંથી કુલ ૧૨૫ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં કપડવંજ કેળવણી મંડળ સંચાલિત એસ.સી.દાણી પ્રાથમિક શાળા તથા સી.ડી.ગાંધી સ્કૂલ દ્વારા બે-બે કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જે પૈકી એસ.સી.દાણી પ્રા.શાળાના વિદ્યાર્થીઓ કર્મ અનિલભાઈ પટેલ અને શ્રીજી સંજયભાઈ પ્રજાપતિની Smart Cleaning કૃતિ જિલ્લાની ટોપ-૧૦ કૃતિઓમાં પસંદ પામી હતી. આ ઉપરાંત બંને શાળાઓના વિદ્યાર્થીઓએ Green Energy, Solar Energy અને Water Harvesting જેવા વિષયો પર પ્રભાવશાળી કૃતિઓ રજૂ કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

### આઈજે પટેલ બીએડ્. - એમએડ્ કોલેજ ખાતે '૧૮૧ અભયમ્ જાગૃતિ કાર્યક્રમ' યોજાયો



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આઈ. જે. પટેલ બી. એડ્. અને એમ. એડ્. કોલેજ ખાતે વિદ્યાર્થિનીઓમાં મહિલા સુરક્ષા, સશક્તિકરણ અને કટોકટી સહાય અંગે જાગૃતિ લાવવા '૧૮૧ અભયમ્ હેલ્પલાઇન જાગૃતિ કાર્યક્રમ' યોજાયો હતો. આ કાર્યક્રમમાં કાઉન્સેલર હેપીબેન પરમાર અને કોન્સ્ટેબલ સોનિયાબેન સાઠે દ્વારા વિદ્યાર્થિનીઓને હેલ્પલાઇનની કામગીરી, મહિલા અધિકારો અને સ્વરક્ષણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગ દરમિયાન ડો. છાયાબેન જંગમે મહેમાનોનો પરિચય આપ્યો હતો, ડો. યજ્ઞેશભાઇ પુરોહિતે સૌને પ્રોત્સાહિત કર્યા હતા અને ડો. તેજસ્વિની જાનીએ આભારવિધિ કરી હતી.

### ખેડા જિલ્લાના ચાર તાલુકાઓમાં 'પ્રાકૃતિક કૃષિ હાટ'નું સફળ આયોજન કરાયું



**નડિયાદ** | પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા તથા ખેડૂતોને સીધું બજાર ઉપલબ્ધ કરાવવાના હેતુથી પ્રાકૃતિક કૃષિ અભિયાન-૨૦૨૬ અંતર્ગત કપડવંજ, મહુધા, કઠલાલ અને માતર તાલુકાઓમાં 'પ્રાકૃતિક કૃષિ હાટ' યોજાયા હતા. આ હાટમાં ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતો દ્વારા પ્રાકૃતિક પદ્ધતિથી ઉત્પાદિત દેશી અનાજ, કઠોળ, ઋતુગત શાકભાજી, ફળો અને દેશી ગાય આધારિત ઉત્પાદનોનું વેચાણ તથા પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ આયોજનથી ખેડૂતોને પોતાના ઉત્પાદનો સીધા ગ્રાહકો સુધી પહોંચાડવા માટે વેચાણનું પ્લેટફોર્મ મળ્યું તેમજ નાગરિકોને સ્થાનિક સ્તરેથી પ્રાકૃતિક પેદાશો ખરીદવાની તક મળી હતી.

### કપડવંજમાં શ્રી માણીભદ્ર વીર દેવના પ્રાગટ્ય દિને ભવ્ય હવન અને પૂજન કરાયું



**કપડવંજ** | કપડવંજ નગરે તપાગચ્છાધિષ્ઠાયક દેવ ઈન્દ્ર મહારાજ શ્રી માણીભદ્ર વીર દેવના પ્રાગટ્ય દિન નિમિત્તે હવન તથા પૂજન કાર્યક્રમનું શ્રદ્ધાભેર આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક મહોત્સવ સંવત ૨૦૮૨ આસો સુદ-૫, ગુરુવાર (તા. ૧૫-૧૦-૨૦૨૬) ના રોજ યોજાયો હતો. આ પવિત્ર પૂજન તથા હવનનું આયોજન સદગુણાબેન રમેશભાઈ નગીનદાસ ગાંધી પરિવાર તરફથી કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે જૈન સંઘના ભાવિક ભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પૂજન તથા હવનનો લાભ લીધો હતો.

### કપડવંજમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ઔદ્યોગિક સેમિનારનું સફળ આયોજન કરાયું



**કપડવંજ** | કપડવંજ લાયન્સ ક્લબ સભાખંડમાં GIDC એસોસિએશન અને લાયન્સ ક્લબના સંયુક્ત સહકારથી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, નડિયાદ દ્વારા ગુજરાત સરકારની સહાયક પોલિસી અંગે માર્ગદર્શન બેઠક યોજાઈ હતી. સંયુક્ત ઉદ્યોગ કમિશનર જી. પી. ઝાલા અને મેનેજર એસ. એન. સવાસરા દ્વારા ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમથી કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને ઔદ્યોગિક વિકાસ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. સ્વદેશી જાગરણ મંચના સહસંયોજક મનસુખભાઈ પટેલે આત્મનિર્ભર ભારત અને સ્વદેશી વસ્તુઓ અપનાવવાના મુદ્દાઓ પર વિસ્તૃત છણાવટ કરી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન કીર્તન પરીખે કર્યું હતું.

### મોગરી જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના વિદ્યાર્થીઓનો ખેલમહાકુંભ ચેસ સ્પર્ધામાં ડંકો વાગ્યો



**આણંદ** | કરમસદ-આણંદ મહાનગરપાલિકા ઝોન-૪ કક્ષાની ખેલમહાકુંભ ચેસ સ્પર્ધામાં મોગરી સ્થિત જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. અન્ડર-૧૪ ચેસ સ્પર્ધામાં ધોરણ-૭ના વર્ષિલ મિતુલકુમાર પંચાલ અને ધોરણ-૬ની પાર્થી મનીષભાઈ ડોડિયાએ દ્વિતીય સ્થાને ફતેહ મેળવી છે. આ બંને વિજેતા વિદ્યાર્થીઓની આગામી જિલ્લા કક્ષાની હરીફાઈ માટે રમતગમત અધિકારીશ્રી દ્વારા પસંદગી કરવામાં આવી છે. આ પ્રસંગે ડો. રતિકાકા અને આચાર્યા ઊર્જાબહેન પટેલે વિજેતા બાળકો તથા માર્ગદર્શક શિક્ષકોને આશીર્વાદ અને અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદ કૃષિ યુનિવર્સિટીમાં ૮૦ વિદ્યાર્થીઓ માટે ફાયર સેફ્ટી અવેરનેસ કાર્યક્રમ યોજાયો



**આણંદ** | કરમસદ - આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટીની પોલિટેકનીકમાં ૮૦ વિદ્યાર્થીઓને ફાયર સેફ્ટી અવેરનેસ ટ્રેનિંગ આપવામાં આવી હતી. સ્ટેશન ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચના મુજબ સબ ફાયર ઓફિસર વિશાલ સિંહ ડોડ, ફાયરમેન અરબાઝ મલેક, અનિસ નિસરતા અને ટ્રેની ફાયરમેનોએ આગ સામે રક્ષણ મેળવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ તાલીમ દરમિયાન પ્રાથમિક ધોરણે આગ બુઝાવવાની રીતો અને અગ્નિશામક યંત્રોનો ઉપયોગ અંગેનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન આપી સંપૂર્ણ સમજૂતી આપવામાં આવી હતી.

### આણંદ શહેરની કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં 'ગ્રીન સ્પાર્ક ક્વિઝ સ્પર્ધા' યોજાઈ




**આણંદ** | આણંદ સ્થિત કસ્તુરબા કન્યા વિદ્યાલય અને સ્પ્રેરીના સંયુક્ત ઉપક્રમે પુન:પ્રાપ્ય ઊર્જા તેમજ પર્યાવરણ સંરક્ષણની જાગૃતિ અર્થે 'ગ્રીન સ્પાર્ક ક્વિઝ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પ્રેરીના શ્રદ્ધા પંડ્યા અને શિવમ ઠાકરના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ સ્પર્ધામાં શાળાના માધ્યમિક વિભાગની 30 વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ટીમ 'A' ની વિદ્યાર્થીનીઓ શિઝા સમીરભાઈ મન્સૂરી અને ખુશી પ્રવીણભાઈ પ્રજાપતિએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો, જેમને સ્પ્રેરી તરફથી ઇનામો અપાયા હતા.

### ચારુસેટની કોલેજમાં એન્ટી-ડ્રગ અવેરનેસ પહેલ અને વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ



**આણંદ** | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન BDIASમાં યુવાનોમાં નશીલા પદાર્થો સામે જાગૃતિ ફેલાવવાના હેતુથી એન્ટી-ડ્રગ અવેરનેસ પહેલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આણંદ પ્રોહિબિશન વિભાગના સબ-ઇન્સ્પેક્ટર શ્રી પી.જે.પટેલે વિશેષ વ્યાખ્યાન આપી વિદ્યાર્થીઓને વ્યસનમુક્ત જીવન અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પહેલ અંતર્ગત યોજાયેલી સ્પીચ કોમ્પીટીશનમાં આયુષી પટેલ પ્રથમ, તનીશ્કા ચૌહાણ દ્વિતીય અને નિષ્કા તૃતીય સ્થાને વિજેતા બન્યા હતા. BDIASના પ્રિન્સીપાલ ડો. ધારા પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં તમામ વિજેતાઓને પુરસ્કૃત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.